# સુરક્ષા જવાનો બન્યા જીવન રક્ષક !

## SRPFના 203 જેટલા જવાનોએ બ્લડ સ્ટેમસેલ ડોનેશન માટે કરાવ્યું રજીસ્ટ્રેશન

■ **કિશોર કોડિયા**

રાજકોટ, તા. ૨૩: મોટાભાગે ખાખી વર્દી એટલે સામાન્ય જનમાનસમાં એક 'હાર્ડ' વ્યક્તિની છાપ ઉપસેલી હોય છે પરંતુ રાજકોટનાં એસ.આર.પી. કેમ્પ (ઘંટેશ્વર)માં આજે ૨૦૩ જેટલાં જવાનોએ એ પૂરવાર કરી દીધું કે અમારી ખાખી વર્દી હેઠળ પણ એક 'હ્રદય' ધબકે છે. આ ૨૦૩ જેટલાં જવાનોએ બ્લડ સ્ટેમ સેલ ડોનેટ કરવાની નોંધણી કરાવી પોતે માત્ર શહેરની જ નહીં



બ્લડ સ્ટેમ સેલ ડોનર તરીકે રજીસ્ટ્રેશન કરાવનાર એસ.આર.પી.ના જવાનો.

જીવનની પણ સુરક્ષા કરે છે તેવો સંદેશ આયોજક સંસ્થા 'દાત્રી' દ્વારા વહેતો કર્યો છે.

'બ્લડ સ્ટેમ સેલ' દાતાઓ દ્વારા અનેક લોકોને નવી જિંદગી મળી છે, આથી 'દાત્રી' સંસ્થા દ્વારા બ્લડ સ્ટેમ સેલનું દાન ક્યાંથી કોઈ શારીરિક તકલીફ થતી નથી તેવી જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે એ સાથે બ્લડ સ્ટેમ સેલ ડોનર્સનું રજીસ્ટ્રેશન પણ કરે છે.

આજે 'દાત્રી' સંસ્થા અને બી.એચ.ગારડી કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેક્નોલોજી દ્વારા એસ.આર.પી. ગ્રુપ-૧૩ ઘંટેશ્વર ખાતે એક કેમ્પનું આયોજન કરાયું હતું.

આ કેમ્પમાં વકતા એ.આર.ગોંડલિયાએ એવું જણાવ્યું હતું કે, દેશમાં આજે અનેક એવાં લોકો છે જેની જિંદગી બ્લડ સ્ટેમસેલ દ્વારા બચાવી શકાય છે, આવા લોકોના બ્લડ સાથે મેચ થાય તેવા જ બ્લડ સ્ટેમ સેલ મળી જાય તો એની જિંદગીમાં નવા પ્રાણ પૂરાય છે, બ્લડ સ્ટેમ સેલ દ્વારા એક જિંદગી બચાવી શકવાની દાતાને ચોક્કસ તક મળે છે.

આજે જ્યારે એસઆરપીના જવાનો **(જુઓ પાનું ૧૦)**